અમદાવાદ

ગજરા મારૂજીની વારતા.

ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ

દુહો—પ્રથમ સારદામે વીનવુંરે, કાંઇ ગણુપત લાગુ પાયરે; કાંઇ સુધ બુધ તમો આપજોરે, મારી જીભલડીએ જશ થાયરે મારી, દુંદાળો દુખ ભંજનોરે, કાંઇ સદાએ બાળેવેશરે, પ્રથમ સમરૂં હુંતો તેહનેરે, શ્રી ગવરી પુત્ર ગણેશરે. એ શ્રી ગુરૂને હુંતો ચરણે નમુરે, કાંઇ ગણપતી કહુ કર જોડરે; કાંઇ સજ્જને કરૂં હુંતો વિનતીરે, કાંઇ સુજને ન દેશો ખોડરે, કાં૦

ગાંડવગઢ શહેરના જામ રાજાને સાત રાણીઓ હતી તેમાં ૭ માનીતી અને એક હામાવતી નામની રાણી અણમાનીતી હતી એ સાતે રાણીયો માં કોઇને પેટ દીકરો નહતો. એક દહાડો સવારના પહોરમાં પાસેના ગામની એક દેવરી સુથારાયાં સાવરણી વેચવા સારૂ શહેરમાં આવતી હતી તેણે રસ્તામાં વેગળેથી રાજાને સંડાસમાં જતાં જોયો એટલે વીચાર કર્યો કે સાત રાણીએ રાજા વાંઝીયો છે માટે તેનું મુખ જોવાથી મને અપશુકન થશે, મારાં સુથારાયાં સાવરણી ખપશે નહીં એવું ધારી તેણીએ સામી સાવરણી ધરી, મું ... ...વી ઉભી રહી, તે જોઇ જામરાજા ... ગુસ્સે થયો, અને દેય... ... પુછવા

દુહો—સાસુ

...ના ચઢાનું ...

દેવડી ...

... કાં...

નથી, માટે તેવા પુરૂષનું સવારના પોહોરમાં મુખ જોવુ અને શુકન લેવા એ ઘણું નખેદ છે આપને સાત રાણીઓ છતાં પુત્ર નથી તેથી મારે સાતરણી આડી ધરવી પડી આ વાત સાચી કહી છે હવે મને રજા આપો, રાજાએ હેવડીની વાત સચી માનીને તેની ઉપરથી રીસ ઉતારી નાખી અને પોતાના સાથે દરબારમાં લઇ ગયા ત્યાં ચોખાનો ઢગલો પડયો હતો તેમાંથી ગાંસડી બાંધી આપી હેવડીને વીદાય કરી. રસ્તે જતાં વિચાર કરવા લાગી કે હવે સાતરણીને શુળામાં વેચવાને જરૂર નથી એ કે ત્રણ મહીનાં જેટલી ખરચી મળી ચુકી છે એમ ધારી ખડી પોતાને ઘેર ગઇ, ત્યાં તેના ધણીએ પુછ્યું કે તું આ ચોખા ક્યાંથી લાવી ત્યારે હેવડીએ કહ્યું કે તમારે શુ કામ છે, ધણીએ કહ્યું કે રાંડ સાચું બોલ નહીંતર ઘરમાં પેસવા નહીં દઉ ત્યારે તે બોલી હું તો રાજાને ત્યાંથી લાવીછું તે સાંભળીને તેના ધણીએ કહ્યું કે, એ વાંઝીયાનું અન્ન કોણ ખાય! હેવડી કહે છે કે આખુ શહેર તેનું અન્ન ખાય છે તો આપણે શી હરકત છે? શું આપણે બધા કરતાં મોટાં ... ન ખાઇએ ... માનીને તેનો ધણી બોલ્યો કે એ શાસ્ત્ર નથી ... ગુ સમજતુ તો તે હલાલ કરીને તો કદી લે નહીં જો ... તે, આપણા ... માં ... આ ... ન તેના જેવા ... ણ ... બા પડી જશે ... ગા કરીને ચકલાને ... ખા રહેતા દીઠા આવો પ્રત્યક્ષ ... માથે ચડાવી રાજના દરબારમાં ... સગળાંએ તમારે અન્ન ખાતાં ... કહીને ચોખા પાછા નાંખીને પો... ની વાત સાંભળતાંજ રાજ્યાસનનું ... પોતાની ૭ માનીતી રાણીઓને ... વાંઝીયા મેણું રહ્યું ને તે મેણાંને ... હવે હું નગરમાં રહેનાર નથી ...

મારે રાજપાટ જોઇતું નથી કોઇ અઘોર વનમાં જઇ ત્યાં કોઈ દેવની સેવા પુંજા કરીશ, અને જો તે દેવ મારૂં વાંઝીયા મેણું ભાગશે તોજ નગરમાં પાછો આવીશ, નહીતો જંગળમાં ભટકી આવરદાનો અંત આણીશ આમ કહી ફુલસીંગ વજીરને રાજપાટ સોંપી પોતે શામ ઘોડા ઉપર સ્વાર થઇ ચાલી નીકળ્યા

દુહો—રાણી રૂવે રંગ મોહલમાં, કાંઇ દાસી રૂવે દરબારરે: કાંઇ રઇયત રૂવે સારા શહેરનીરે, કાંઈ વરતાણ્યો હાહાકારરે, કાં૦ હાટે રૂવે હાટ વાણીયા, તો પાડી ગેહ હડતાળરે કાંઇ૦ પ્રાણી માત્ર રહે ઉદાશમાંરે કાંઇ. રાજા નગારી છે આગે કાંઇ૦ કાળે લુગડેને કાળે ઘોડલેરે કાંઇ રાજા ચાલ્યા વનવાસરે, કા૦ વાંઝીયા મેણું ભાગવારે, કાંઇ છોડી ચાલ્યા નગરની આશરે. કાંઇ૦

હવે રાજા નગરમાંથી બહાર નીકળ્યા કે તમામ રંગમહેલનાં રાણીઓ રૂદન કરવા લાગી અને દાસીઓ ચાકર નફર અને નગરના વસનારા લોકોએ ઘણું કલ્પાંત કરવા માંડયું તેમ છતાં રાજપાટ અને કુટુંબ કબીલા

મુકી જંગલનાં એકલો સાથી ગયો, આગળ જતાં એક મોટું બપ…
વન આવ્યું ત્યાં પરાણી ભરી પડીને પાંદડાના ઢગલા જમીન ઉ…
છ તે બંઝીને હાથવતી રાજા જંગીન સાફ
અને… જગાપ.રી મહીત મહાદેવની મુરતી
રાજા ક…ો કે હું કોઇ દેવને ખો…
કરીને … સામા આવીને મળ્યા મ…
આગળ તપ કરૂં, એમ વીચારી મહ…
રતાં બાર વરસ વીતી જતા આવ્યાં તે…
એવામાં એક દીવસ બે શીકારીઓ
કારીઓ જોગીઓ બન્ને બનાવી ચાર…
રાજા મન સાથે વીચાર કરે છે કે ર…
હવે મને મારી નાંખશે રાજપાટ ર…
મરવું તેના કરતાં પરાયા હાથે મરવું
ની હીમત રાખી રાજા બેઠા છે, એ…
…ને કરડી આંખ કરીને ઉભા રહ્યા

તે તાકીદેથી કરી નાંખો એટલે હું આ દુખમાંથી છુટીને તરત પરમે- શ્વર પાસે સુખમાં જાઉ એવું આ વાત સાભળી શીકારી વીચારમાં પડયા કે આ કોઈ મોટો માણુસ છે કારણ કે આપણે એક ગાફ ઉ- પર જે વીચાર કર્યો હતો તે તેના જાણવામાં આવ્યો માટે માનો ન માનો પણ આ કોઈ દેવતા છે એમ ધારી મારવાની વાત ભુલી જઈને હાથ જોડી રાજાને પુછ્યું કે, આ કોણ છો? અને અહીં જંગલમાં શા કારણે બેઠા છો? રાજા કહે ભાઈઓ હું રાજા છું પણુ મારે પેટ કોઈ છોકરૂ નથી માટે વાંઝીયા મેહેણું ટાળવા સારૂ આ મહાદેવની સેવના કરૂંછું તે સાંભળી શીકારીઓ કહેછે કે આપણે પુત્ર વાંઝીયા છીએ માટે ચાલ આપણે પણ એમની જોડે બેસીને મહાદેવની સેવના કરીએ તો પુત્ર થશે, એમ ધારી આડે ઝોળીઓ ભરાવી મહાદેવની સેવા કરવા બેઠા, ને જ્યાં બેને ત્રણ દીવસ થયા, એટલે પેલા શીકારી- ઓને ભુખ લાગી અને તેમનાથી ભુખે રહેવાયું નહી એટલે વીચાર સુજ્યો કે આપણી પાસે શીકાર તઇયાર છે તે ખાઈએ એમ ધારી

...થી શીકાર બહાર કહાડીને મહાદેવનાં જળાધારી ઉપર મુકી
...ો એટલે તમામ જળાધારી રધીરથી ભરાઈ; આ... આચાર
...કે આ પાપી કેમ કરશે જશે નહી તે
...પેટે જોગીના વેશ લઈ, શીકારીઓ-
...એ કહ્યું કે અમારે ... કંઈ
...પુત્ર લેવા આવ્યા છીએ રે આ-
...ાર નથી મહાદેવે વીચાર્યું કે
...હેલ અહીંથી જા એમ ધારી મહા-
...જાઓ તમને પુત્ર થશે શીકારીઓએ
...છી મહાદેવ વચન આપી અંતર-
...ધતા પોતાને રસ્તે પડ્યા આ ત-
...છે કે આપણા ઠરમની વાત છે હું
...વના કરૂં છું પણ મહાદેવ મને
અને આ બે પાપીઓને મહાદેવે
માફક કરૂં એમ વીચારી ...તાને

ઘોડાનું દોરડું છોડીને ઉંચે ઝાડ સાથે બાંધયું અને પોતાના બે પગ બાંધીને પોતે નીચે મોઢે લટકીને એક હાથે મહાદેવની મુરતી ઉપર કટારી ઘાલી હીંચકા ખાવા લાગ્યો એટલે કટારની અણીની ધાર માથા સાથે અથડાઇ માથુ છુંદાવા લાગ્યું અને મહાદેવની જળાધારી લોહીથી ભરાવા લાગી આવી કમકમાટ ભરેલી રીતે રાજા કમળપુજા કરે છે તે જોઇ શીવને ઘણો ત્રાસ આવ્યો અને એકદમ આવી કહ્યુ કે આમ શું કરવાને કરે છે? રાજા કહે કે મહારાજ હું બાર બાર વરસથી પુત્રના આશાએ રાજપાટ મુકી ભુખ તરશ વેઠી તમારી સેવના કરૂંછું તોપણ તમે પ્રસન્ન થયા નહી, ને આ પેલા શીકારી પાપી કરમના કરનાર તેમને તમે એક બે દીવસમાં પુત્ર આપ્યા માટે મારે તોહવે તમારે માટે મરવું છે. મહાદેવ કહે કે જેણે જેવું કરયું હશે તેને તેવું ફળ મળશે મે એમને પુત્રને આપ્યા પણ તે છાણમાં કીડા પેદા થઈ ને મરી જાય છે તેમ ઉછરીને મરી જશે અને તને જે પુત્ર આપવાને તે કોઇ નામના કરવા લાયક થશે માટે હવે તુ તારા પગ છોડી નાંખ હું તારા ઉપર ઘણો તુષ્ટમાન થઇ ગયોછું, પછી રાજાએ હાથ પગ છોડી નાખી ને હાથ જોડી પોતે મહાદેવના સામા ઉભા રહ્યા મહાદેવે પુછ્યું કે તમારે કેટલી રાણીઓ છે રાજાએ કહ્યું કે સાત રાણીઓના છ માનીતા અને એક અણમાનીતીછે; પછી મહાદેવે કહ્યું કે ઉંચુ જો આ ઝાડ શેનું છે? રાજાએ જોયું એટલે આંબાનું ઝાડ દીઠુ પછી મહાદેવે કહ્યુ કે તેના ઉપર ફળ છે કે નહિ? રાજાએ બીજીવાર ફરીને આંબા સામું જોયું. તે આંબા ઉપર કેરીઓ ઝુલી રહી છે અને તે કંઇ કારમી દેખાય છે તે જોઇ રાજાએ કહ્યું કે મહારાજ બીન રતે આંબા ઉપર કેરીઓ ઝુલી રહીછે; મહાદેવે કહ્યું કે આ મારો ઘોકો લઇને જા અને આંબા ઉપર માર પછી તે કેરીઓ નીચે પડે તે તારી રાણીઓને ખવરાવજે એટલે પુત્ર થશે જો વધારે લોભ કરીશ તો બાર વરસની મહેનત નકામી જશે, માટે બીજીવાર ઘોકો મારીશ નહી. તે સાંભળી રાજાએ આંબા ઉપર ઘોકો લઇને મારયો કે સાત કેરીઓ નીચે પડી. તે લેઇ ઝોળીમાં નાંખી મહાદેવની પાસે આવી હાથ જોડીને કહ્યું કે

દુહો—જગપર મહાદેવ તમને વીનવુંરે હું તો લળી લળી લાગું પાય

હુતો વાંઝીયા મેણું મારૂં ભાંગીયું મારી સહાય કરજો સદાયરે; મા૦

મહારાજ તમે મારૂં વાંઝીયા મેહેણું ભાગ્યું, તેથી મારા ભાગ્યની કાંઇ સીમા રહી નથી. અને હું બહુ સુખ પામીશ એવી રીતે રાજાએ મહાદેવને અરજ કરી, અને પ્રદક્ષણા કરીને ઘોડા ઉપર સ્વાર થઇ નગર ભણી ચાલ્યો. નગર નજીક આવ્યું એટલે લોકોએ રાજાને દીઠો અને રાજા આવ્યાની વાત ચાલી તેથી તમામ રઇયત બહુ ખુશી થઇ ફુલસિંગ વજીરે પોતાનું બધું લસકર શણગાર્યું, અને સોના રૂપના ફુલ વડાવી મોટી ધામધુમથી વાજતે ગાજતે રાજાની પાસે આવ્યો રાજાના પ્રધાને તથા રાણીઓએ તથા રઇયતે સોના રૂપાના ફુલથી વધાવ્યા; અને રાજા પોતે રાણીઓના મહેલમાં ગયા. અને પોતાની છ માનીતી રાણીઓને બોલાવી પેલી સાતે કેરીઓ આપી દીધી રાણીઓએ તે કેરીઓ ખાધી અને ગોટલા છોતરાં મેહેલની બહાર ફેંકી દીધાં પેલી અણમાનીતી રાણી દામાવંતીએ પોતાની દાસીઓને કહ્યું કે માનીતી રાણીઓના મેહેલ આગળ જા અને જો કે રાજા નવી ચીજ લાવ્યા છે? અને તે ચીજમાંથી કાંઇક નકામું બારણે ફેંકી દીધું હશે તે તું લઇ આવ; તે સાંભળી દાસી માનીતી રાણીઓના મેહેલ આગળ આવીને જુવે છે તો કેરીઓનાં ગોટલાં છોતરાં દીઠાં; તે જોઇને આ કેરી ચીજ નવીન ચીજ જણાય છે એમ ધારી કેરીઓના ગોટલા છોતરં વીણી લઇને પોતાની બાઇ દામાવંતીને આપ્યાં; ને કહ્યું કે બાઇ સા તો નવી ચીજ કેરીઓ લાવ્યા છે. તેના ગોટલા છોતરાં પડેલાં હતાં તે હું લાવી છું દામાવંતી કહે કે ગોટલા છોતરાં પણ કામનાં છે એમ કહી ખાંડી કુટીને પીવાની રાખ કરી રાખને પોતાનો વીચાર કરે છે એટલામાં તેને વહેમ આવ્યો કે આતો દેવતાઇ ફળ છે. તેથી તેમાં કાંઇ હવતાં હોય ને કદી મને ગરભ રહેતો પછી રાજા આળ મુકે, અને તે ખરૂં મનાય તેમના રૂબરૂ પીઉં; તો કોઇ દીવસે રાજાના મોહોડે મારી શાખ પુરે એમ ધારીને ફુલસંગ વજીરને તેડવા મોકલી પછી ફુલસંગ વજીર દામાવતી રાણીના મેહેલમાં આવ્યા રાણીએ આસન આપ્યું રાજાપુત્રની આશાએ બહાર ગયા હતા ત્યાંથી બાર વરસે આવ્યા ત્યારે કેરીઓ લાવ્યા હતા તેના ગોટલા છોતરાં મારા હાથમાં આવ્યા છે; તેની સાખ પુરી

પીવાનો મેં વીચાર કરયો છે કદાચ કોઈ મોટા પુરૂષે તે કેરીઓ પુત્ર
થવા સારૂ આપી હોય તે કહી મને ગરભ રહે તો મારે માથે કલંક
મુકે સાથી જે હું સગની અણમાનીતી છું તે સારૂ તમને વચમાં
રાખવા સારૂ તેડયા છે પ્રધાને કહ્યું કે બાઈ એમાં તે શું છે તમે
સુખેથી તે રસ પીઓ પુત્ર થશે તો તમારી વતી હું જવાબ
દઈશ. ઠીક છે એમ કહી રાણી ચંદ્ર સુરજની સ્તુતી કરવા લાગી.

દુહો—ચંદ્રમા સુરજ તમને પાનવું રે, મારી સાચેરી પુરજો
શાખરે, મા૦ રાજા મોહોલે નથી આવતા રે મને કુડી ચડાવે આળરે
મા૦ બીજી વીના બેને પુત્ર થયોરે એવી આપશો મુજને આગરે હું
ફુલસંગ વજીર તમારી અને ચંદર સુરજની સાખે આ કામ કરૂં છું જો
મારા ભાગ્યમાં હોય ને મહાદેવ મને પુત્ર આપે તો મારી લાજ ત-
મારા હાથમાં છે એટલું કહી રાણીએ ફુલસંગ વજીરને વીદાય કીધા
એટલે તે પોતાને ઘેર ગયા હવે રાણીએ વીચાર કરયો કે રસ પી-
વાથી કદાચ મને પુત્ર થશે તો તેને ચડવા લાયક ઘોડો જોઈએ માટે
મારી ઘોડીને અડધો રસ પાઉં તો વછેરો તેના જેવો થાય એવું
ધારી અડધો પોતે પીધો અને અડધો ઘોડીને પાયો તે દીવસથી ર-
ાણીને અને ઘોડીને સાથે ગરભ રહયો પણ છ માનીતી રાણીઓને
કેરીઓ ખાવાથી ગરભ રહયો અને જ્યાં નવ મહીના પુરા થયા એ-
ટલે સાત રાણીઓને પુત્ર અવતરયા અને આઠમ માસે ઘોડીને પણ
મહા જોરાવર વછેરો થયો માનીતી રાણીઓને રાજાએ કેરીઓ આપી
અને રાણી દમાવંતી અણમાનીતીને જાણીને આપી નહી. એટલો વે-
રાવચો કરવાથી મહાદેવ કોપાયમાન થયા એટલે છ રાણીઓને પુત્ર
કદરૂપા લુલા અને લંગડા અવતરયા. અને હેતે કરીને ગોટલા છોતરાનો
રસ પીનારી પેલી અણમાનીતી દમાવંતીને મહા કાંતીવાન અને તે-
જસ્વી પુતર પેદા થયો પેલી છ માનીતી રાણીઓને પુત્ર આવ્યાથી
વધામણી રાજા પાસે ગઈ તેથી રાજા હરખ્યા પણ અણમાનીતીને
પુત્ર થયો તેની કોઈને ખબર નથી સહવારના પોરમાં દમાવંતી દા-
સીને બોલાવીને કહે છે.

ગરબો—દાસીરે મારી તોને બેનડીરે; તુંતો ઝટપટ તઈયાર

થઇને જ જોશીબાવાને બોલાવી લાવ કે આપણે બાઇની જન્મોત્રી કરાવીએ. દાશી જોશીબાવાને બોલાવી પોતાની બાઇ પાસે આવી કહ્યું કે મહારાજ કુંવર આજ રાતરે અવતરયા છે માટે કયા નક્ષ-તરમાં તેમનો જન્મ છે અને શું નામ પાડવું તે મને કહો જોશીબા-વાએ જન્માક્ષર તઇયાર કરી ગ્રહ ઉપરથી નામ કાઢી કહ્યું કે:—દુહો. સારે નક્ષેતર કુંવર આવીયોરે; એનો રાખે પીતાનો હામરે. એનો૦ ધ-રણી ધરૂજે એના તેજથીરે. ગતીઓમારૂ આવે નામરે, એ જોરે મને [illegible] છતરશેરે, એતો અજેરી જાણશે હામરે, એનો૦ જગસાર મહાદેવ એની સહાયમાંરે, એનું ગજરેમારૂ પાડો નામરે એનું૦ બાઇ તો એવા નામકારી નક્ષત્રમાં જન્મ્યા છે કે તેઓ મહા પરાક્રમી જોરાવર અને કાંતીમાન થશે. પણ બાર વરસની ઉમરમાં કુંવરને વનવાસ જવું પડશે, વનમાંથી આવ્યા પછી કુંવર ગાદીએ બેસશે એવું કહેવાથી રાણી ઘણાં ખુશી થયાં, અને દાસીને કહ્યું કે, જોશીને શેલાં પાઘડી અને હીરા જડિત સોનાનાં કડાં પેહેરાવજો, દાશીએ તે પ્રમાણે કરીને આપ્યું એ-ટલે જોશી મહારાજ રાજી થઇ પોતાને ઘેર ગયા, દામાવંતીના હરખની કાંઇ સીમા રહી નહી હવે કુંવર દીવસે ન વધે તેમ રાતે વધે એ રીતે સાત વરસની ઉમના થયા એટલે ભણવા સારૂ મુકયા ભણીગણી મહા વિદ્વાન થયા અને જેમ જેમ મોટી ઉમરના થતા ગયા તેમ તેમ પોતાની હુંશીયારી ચતુરાઇ અને આંગની ખુબી બાહાર નીકળવા માંડી એક દીવસ જામ રાજાએ પોતાની માનીતી રાણીઓના કુંવરને તેડવા રમા બોલાવ્યા. અને તેમની ગાદી પાતાની પાસે નંખાવી તે ઉપર બેસાડયા કુંવરો જોઇ તમામ સભા લાજવા લાગી અરે માંહો માંહે સહુ હસવા લાગ્યા. એટલે ફુલસંગ વજીર વીચાર કરે છે કે આ વખતે જો દામાવતીનો કુંવર ગજરેમારૂ હોય તો અખી સભા ઝાંખી પ જાય. પણ તે રાજાના કહ્યા વગર તેડી કેમ લવાય રાજા ગુસ્સે થ તે શિવાય બીજી તો કાંઇ હરકત નથી ખેર! રાજા ગુસ્સે થશે તો થ પણ આ વખતે તે કુંવરને તેડી લાવ એમ ધારી વજીર દામાવંતીને મોહોલે આવ્યો; અને રાણીને કહ્યું કે બા તમારી પાસે એક ચીજ

માગી લેવા આવ્યો છું રાણી કહે બાઇ મારી પાસે માંગશો તો આપી શકાય તેવી હશે તો હું જરૂર હાજર કરીશ માટે કહો તમારે કંઇ ચીજનો ખપ પડ્યો છે. વજીર કહે બાઈ ચીજ તો કાંઇ જોઇતી નથી. પણ તમારો કુંવર રાજાપાસે મારી સાથે મોકલો. ત્યાં રાજાના કુંવર આવીને બેઠા છે તે જોઇને સકળ સભા લાજી મરે છે માટે હું તેડવા આવ્યો છું ઢામાવંતી કહે કે વજીર! રાજાનો દરબાર શો ! કુંવરને જેમ કાંઇ દગો કરે તો તો મારે કરવું શું? વજીર—આ જીવ સમાન છે. જેવી રીતે લઇ જઇશ તેવીજ રીતે તમને સોંપીશ ઠીક છે એમ કહી કુંવરને કહ્યું કે આ વજીર સાથે દરબારમાં જજો અને એવું ચાતુરપણું રાખવજે કે મારી કુખને ખોટ ન લાગે માતાની વતાં ગારૂએ રાજવંશી પોશાક પહેરી સજ થઇ માતાને પગે પડી આશીશ વચન લઇ વજીર સાથે વાત કરતો ગજરામારૂ દરબારમાં આવી રાજાની જોડે ઉભો વજીર પણ બેઠા કુંવરના તે જોમય સ્વરૂપના પ્રકાશ આગળ આખી સભા ઝાંખી પડી ગઈ, તે જોઇ રાજાએ પુછ્યું કે આ કુંવર કોનો છે!

પ્રધાન—જેના આ છ કુંવરો છે તેનોજ આ સાતમો કુંવર છે, રાજા—છ રાણીઓના છ બાળ પણ આ સાતમો ક્યાંથી? પ્રધાન-કેમ ભુલો છો મહારાજ? એ સાતની અણમાનીતી રાણીનો કુંવર છે રાજા—મારા સમાગમ વગર અને મારી પ્રીત વીણ આ કુંવર શીરીતે પેદા સત્ય કહો. મારા મનને ખોટે મારગે લઇ જવાની તજવીજ કરશો નહીં, એ મહાદેવની કેરીઓના ગોટલા છોતરાંની પ્રસાદી નો. જો એમજ હોય તો સમીપ આવી સલામ કરે. ગજરામારૂ કહે હું સાત જણ વગર બીજા કોઇને સલામ ભરતો નથી. રાજા—મારાથી ચઢીઆતા બીજા કોણ છે,

દુહો—પહેલી સલામ મારી માતનેરે, જેણે નવ માસ રાખ્યો પેટ રે. જેણે દેહી કષ્ટીને ઉછેરીઓરે, મારી ઘણી. એક કીધી વેઠરે, મારી૦ બીજી સલામ જગસર માદેવનેરે જેણે પેટમાં ગરભજ દીધરે. જેણે જઠરાગ્નીથી મુજને જાળવીરે, મારી ઘણી એક રક્ષા કીધરે, મારી૦ ત્રી

ત્રીજી સલામ મારા પ્રભુનેરે, જેણે આપ્યો અવતાર અવતારરે, જીવતાં લગી જશ આપશેરે, એનો મુને ઉતારે ભંવપારરે, ચોથી સલામ મારા દેવતને રે, એનો રણમાં રમાડી લાવે ઘેરરે; ગામ ઠેકી પડે પરગામમ.રે એની કોઈ ન જાણે પેરરે એ૦ પાંચમી સલામ મારા ખાંડાનેરે એતો રણમાં કરે મીઠા ઘાવરે દુસ્મન દુર રહે દેખીનેરે, એનો મારૂ ભુડનુ તારે નાવરે એ૦ છઠી સલામ મારી ઢાલનેરે, એનો રણમાં હૈયા કરી ઓથ, દુસ્મનનો જોઇ જડપ ઉઠતારે, મારી પડતાં બચાવે ઓથરે. સાતમી સલામ ધરતી માતનેરે, એનો સુતા જીવતાનો વીશરામરે; પ્રાણી માત્ર સહુ પેટ ભરેરે કાંઇ જીવનાજીવન ઠામ. કાંમ. કુંવરનાં આવાં વચન સાંભળી રાજાને બહુ ક્રોધ ચડ્યો અને તેનું શીર છેદવાનો હુકમ કીધો. વજીરે કહ્યું કે, મહારાજા કુંવર રાણીની પાસેથી સોપવાની મારી કબુલાત છે ત્યાં સુધી તમારે કાંઇ કરવું નહિ એમ કહી કુંવરને લઇ વજીર દરબાર માંથી બહાર નીકળ્યો કુંવર વજીરની સાથે ઘેર આવ્યો ને જોઈ રાણી ઘણી ખુશી થઇ કુંવરે વજીરને કહ્યું કે બનાર પડતાંજ સુતાર કડીયા અને બીજા કારીગરોને બોલાવી રાજા કરતાં પણ સરસ મહેલમાં બનાવો ! કશી પ્રકારની ખામી રાખશો નહી વજીર-કાંઇ ચીંતા નહી તમે બેઠા બેઠા જોયા કરો એમ કહી વજીર પોતાને ઘેર આવ્યો અને પોતાના માણસોને બોલાવી તે મહેલ બનાવવાનો હુકમ આપ્યો રાજા જાણે નહી તેમ થોડા સમયમાં બધાવી મહેલ તૈયાર કીધો આ રંગબેરંગી અને વીચીત્ર બાંધણીના મેહેલની રમણીય શોભા જોઇને ગામના લોક છક થઇ ગયાં આ નવીન મહેલમાં ગજરામારૂ પોતાની સોબતી છોકરાઓને ભેગા કરી રાજાની માફક એક ઠાઠેર કચેરી ભરવા લાગ્યો અને કસુંબાની લાલચે મોટા મોટા માણસો ગજરામારૂને ત્યાં ભરાવા લાગી એટલામાં એક ભાટ ગજરામારૂના જસ ગાતો ગાતો રાજાની કચેરીને રસ્તેથી પોતાને મારગે ગયો દુહો–ખાંડીઆ મેડીઆ જુવે લંગડેર કાંઇ લજી મારવું

અહુ ગામરે, ધનરે અણુમાનીતીની કુખનેરે, તારૂ નવ ખંડ રહેશે નામ તારૂં૦ ગજરામારૂની કીરતી સાંભળી રાજાને પગથી તે માથે સુધી લાગી બહુ ખીજવાઇ ગયો અને ગજરામારૂને દેશપાર કરવાનો હુકમ કર્યો આ હુકમ લઇ એ શીપાઇ શીશ નમાવી નીકળ્યા જ્યાં મારૂ મોહાડમાહની બેઠાછે ત્યાં શીપાઇ જઇ કહેવા લાગ્યો કે આપના પીતાએ તમને દેશપારકરવાનો અને તમને રાજા પાસે લઇ જવાનો હુકમ કરયોછે. જાઓ તમારા રાજાઓને કહો કે તમારી હદમાં નથી માટે તમારો હુકમ માનતો નથી. બારમે વરષે વનમાં જઇશ તે છતાં તમારે લડવું જોર હોય તો લડવાને તઇયાર છુ શીપાઇએ રાજાને કહ્યુ રાજાએ પ્રધાનને કહ્યું તેના ઉતરમાં પ્રધાને કહ્યું કે એમાં કાંઇ ખોટું નથી વળી મોસાળનું જોર વધારેછે તેથી તમે આગળ જઇ પાછા પડશો તે સાંભળી રાજા ચુપ થઇ બેઠા બારમું વરસ બેસતાં કુંવર વનમાં જશે એવી ફાળ રાણીના પેટમાં પડતાં તેણે વિચાર કરયો કે આને પરણાવી સંસારના ફંદમાં નાંખીશ તો પરદેશ જતો અટકશે એવું ધારી બાળકુણને બોલાવી નીચે પ્રમાણે કહ્યુ દુહો—આમણ ધીર તુને વીનવુરે, તુ તો બાપરે ગામેગમરે કુંવર જેવી કન્યા લાવજેરે, મારૂ અટકું કરજે કામરે, રુપે ગુણે કાંઇ શોભતીરે તેમાં ન હોય ખાંપણ ખેડરે, દેવી મારૂરે માહરા મોહી રહેતો તેવી મેળવ જુગતે જોડરે, ગુણ નહી ભુલુ હુતો તહારોરે. તને રાખીશ મારી પાસરે ધન આપુ જોઇયે તેટલુંરે, તારી પુરીશ હુતો આશરે.

રાણી હામારંતી પાસેથી વાટ ખરચના રુપીયા સો લઇ ઝટ રસ્તે પડયો ફળગારંતી નગરીમાં ગુણાગમંગ રાજાની કુંવરીને ગજરામારૂની વાત આવવાથી ગજરામારૂ શીવાય બીજા સાથે નહી પરણવાનો નકી ઠરાવ કરી તેની ઝંખના ઝંખની નજરે બેઠીછે મહા વીચારમાં પડી આસપાસ જોયા કરેછે એટલામાં બાળકુનો ભટ તે મેહેલની નીચે આ

ઓ તે કુંવરીને જોતો ત્યાં કુંવરીની નજર તેના પર પડી એટલે મુસાફરને ઇશારત કરી પોતાની પાસે બોલાવી પુછયુ કે મહારાજ તમે મારા નગરમાં શા માટે આવ્યાછો તે ખરેખર ન કહો તો તમારે માથે સ્ત્રી હત્યાનું પાપછે દુહો—સાચુ કહેતાં રાણી સત ચડેરે, તમને મોહરૂપી વાગશે બાણરે. તમને૦ ગઢમાંડવથી હું તો આવીયે રે, કાંઇ કન્યા જોવાને કાજરે, કાંઇ૦ કોઇ એવો જનેતાએ જનમીઓને. કેઈએ નથી સાંભળ્યો કાનરે. કોઇ૦ નામ સાંભળતાં નારીહજેરે. તેને વાગે મોહતનાં બાણ તેણે૦

ભટના મુખથી ગજરામારૂની રૂપ ગુણની તારીફ સાંભળતાં, કુંવરી છક થઈ ગઈ અને તેજ પોતાનો પ્યારો ગજરામારૂ હશે એમ ધારી તેનું નામ જાણવા સરૂ બ્રાહ્મણને પુછ્યું મહારાજ મને ધીરજ રહેતી નથી તેને વરમાળા આરોપી મારો કરી જોવા આતુરછું. માટે તેનુ નામ કહો ત્યારે બ્રાહ્મણ કહેછે માંડવગઢના જામ રાજાની અણુમાનીતીનો કુંવર ગજરામારૂની સગાઇ કરવા સારૂ હું આવ્યોછું. જેણે તપ બહુ કરયાં હશે અને જેના ભાગ્યનો ઉદય થશે તેજ ગજરામારૂને પામશે કુંવરીએ પોતાના મનમાં ધારી રાખેલા ગજરામારૂની ખબર સાંભળી ઘણુ આનંદ પામી અને પેલા વેવીશાળીઆ બ્રાહ્મણને પોતાના પિતા પાસે મોકલ્યો બ્રાહ્મણે દરબારમાં જઇ વિવાહની વાત કરી એટલે રાજા રાણીઓને પુછવા જનાનખાનામાં ગયા, રાણીઓએ વિવાહ કરવા હા કહી એટલે રાજાએ દરબારમાં આવી પોતાની કુંવરી ચંપાદેનો વિવાહ ગજરામારૂ સાથે કરયો બ્રાહ્મણ વધાઇ લઇને હામાવતી રાણી પાસે અને સઘળી વાત કહી તે સાંભળીને રાણી ખુશી બ્રાહ્મણને બહુ ધન આપી ખુશી કરયો હવે જામ રાજા બહુ ફીકરમાં રહે છે એક દહાડો ક્રોધ આવ્યાથી પોતાની દાસીને કહ્યું કે તુ સવારના પહોરમાં કાળો પોશાક અને કાળો ઘોડો ગજમારૂના મહેલ આગળ મુકીને આવતી રહેજે જો તે ટેક.

વાગો હશે તો એક ઘડી ગામમાં ઉભો નહી રહે દાશીએ રાજાના હુકમ પ્રમાણે કરયુ. સવારના પહોરમાં ઉઠીને મારૂ કરંબે આવ્યો તેવોજ પેલો ચઢવ ઘોડો અને પોશાક તેની નજરે પડયો તે જોઇને વિચારયું કે રાજાનું જોર ન ચાલ્યું ત્યારે આજ મને ગરીબાઇથી દેશવટો દીધો માટે જો હુ ન જાઉતો મારી જનેતાની કુખને એબ લાગે માટે મારા બાપનો હુકમ માની પરદેશ જવું જોઇને એમ ધારી પોતે દાતણ કરી જન્મોતરીમાં જુવે છે તો તેજ દીવસે નવસર જવાનુ ટાંકણું આવી રહયુ છે. તેથી તરત પોતાના રેવંતને તઇયાર કરી કાળા વસ્તર પહેરી પોતાની મા પાસે રજા લેવા આવ્યો, કુંવરને આવતો જોઇને રાણીના પેટમાં ફાળ પડી અને આંખમાં આંસુ લાવી કુંવરને કહ્યું કે—દુહો—કોનાં ફોડયાંને કોના ઢોળીઆરે કુંવર કોનો કરયો ભજવાડરે કું૦ કાળે ઘોડેને કાળે લુગડેરે. જોઇ લાજી મરે લજવાડરે જોઇ૦ બાઇ જેને દુભાવ્યો હોય તેનું નામદે એટલે હું તેનું જડમુળ કહાડી નાંખીશ કુંવરે વિચારયું કે જો હું રાજાનું નામ દઇશ તો મારા મામા પાસે રાજાને હેરાન કરાવશે માટે મારા કરમનો વાંક કાઢુ જેથી કોઇને દુઃખ ન થાય એમ ધારી કુંવરે કહયું કે, મે કોઇનો બગાડ કરયો નથી. પણ મારા કરમે મને આ ઘોડોને પોશાક મળ્યો છે માટે જલદી મને રજા આપો કુંવરના વચન સાંભળી રાણીની આંખમાં ચોધારે આંસુ ચાલ્યા જાય છે અને કાયા કંપી રહી છે. દુહો—તમે ચા-લ્યા મારૂ ચાકરીરે, અમને કેનો દીધો આધારરે. અમને૦ દુઃખની વાતો કોને કીજીએરે, મારી કોણુજ કરશે સહાયરે; મારી. દુહો—તમને સોંપી સમરથ સાસરીરે તમને સોંપી મહીયારી વાડરે, માટે અહીંયાં રહો તમે સુખથીરે. પીયર ગયે મટે ઉચાટરે. પીય૦ દુહો- સાસરીઆમાં મારૂ માંરે રૂસણુંરે, મારા પીયરમાં ભોજાઇ લાંઠરે, મારા૦ રતનસમો કુંવર જાયછેરે, મારા જીવતરમાં ઉડી વાટરે. મારા૦ બાઇ તને

ખબર છે કે તારા પીતાનું હેત મારા ઉપર કેટલું છે કે તે સુખે હું તારૂ દુખ વિસારીને આંહી રહુ વારૂ તને તો જવા નહી દઉ એમ કહી રાણી રૂવે છે કુંવરે જવાની હઠ કરી એટલે રાણીએ વિચારયું કે તે રાખ્યો રહેવાનો નથી, પણ જો આજની રાત રાખીને રાતની રાતમાં મારા બાપને તેડવું ને કુંવરને કન્યા પરણાવું તો કદાચ મોહમાં લપટાઇને રહે એવું ધારી માઊને કહ્યુ કે—દુહો—આજનો વાસો રહે મો. હલમાંરે તમને વલાવામાં દઈશુ શાખરે તમે૦ નારે કહે જો તમે નીઃસરોરે કાંઇ ધોળી પીઉ વાખરે, કાંઇ૦ એ રીતે માતાનો આગ્રહ જોઇ પોતે એક દીવસ રહેવાની હા કહી. સાંજ પડતાં રાણીએ કહ્યુ કે પરણવાની તરખડ કરવા માંડીએ વીચાર કરયો કે રાતની રાતમાં કામ લેવું છે તેથી માણસના પગથી કે ઘોડાની નહીજ બની શકે માટે હજાર ગઉ ચાલી શકે તેવી સાંઢ હશેતોજ કામ થશે એમ ધરી રાણી રબારીવાડામાં આવીને રૂડીયા રબારીને બોલાવે છે. દુહો—રૂડીયા રબારી વીન વીનવુરે હુંતો તુજથી નાતેરી લાગુ બેહેનરે; હું૦ કામ પડ્યુ વીરા એટલુંરે માટે આવીછુ માજમ રેનરેઃ માટે ઝટપટ તુતો જાગજેરે. કાંઇ લાવી મારાપર મેરરે કા૦ મોલના મારયા માલ આપીએરે હું જાવ અહમદનગર સહેરે કુંવર વિદેશ મરો જાય છેરે કાંઇ જો ન બાળે વેશરે કાં૦ સાલા સુવાને જગને એમ કહેજોરે તારો બાળેજ જાય પરદેશરે, રબારીને આપું માથા મોળીયરે તને આપું નવસર હારરે તને૦ ઝટપટ જગાડ તુંતો એહનેરે, કાંઇ કામ પડયુંછે તેથી આટલી રાતે આવીછું. દરબારનું નામ સાંભળી રબારણે પોતાના ધણીને જગાડ્યો અને કહ્યું કે આટલી રાતે સરકારનું તેડુ કેમ આવ્યુછે એમ કહી રબારી બેઠો થયો એટલે રાજાની રાણી દમાવંતીને દીઠી રબારીએ કહ્યું કે આટલી રાતે તમે એકલામારે ઘેર કેમ આવ્યા! રાણી કહે ભાઇ તારૂં કામ પડ્યું છે ગજરામારૂ દેશવટે જાય છે માટે

તું અમનગર જાઉ મારા ભાઇને રાતની રાતમાં તેડવા સારૂ જોરાવર સાં
ઢ હોય તે લાઇને બને સાંભળી રબારીએ કહ્યું કે, દુહો—તણુસેનેસાઠ
મારે સાંઢણીરે તેમાં ગંગા જમનાની જોડરે તે મન વેગે ચાલતીરે,
તેમાં ન મળે ખાંપણુ ખોડરે તેમાં૦ અખંડ જોનો થીની જળહળેરે, તે
ને ધુપ અગર બહુ થાયરે તેમાં૦ ચારો ચરે નાગર વેલનોરે, તે તો પ
હાડે ભોજન ખાયરે તેમ૦ ધારી ખેપે હુંનો પરવરૂંરે તમે મનમાં રાખજો
ધીરે તમે૦ અમનગર પોચું પલકમાંરે, તેડી લાવું તમારો વીરરે દુહો
રરને બાજોરે જોઇ જાગતીરે, ભુંડા અંધારી રાતનું કામરે, ભુંડા વાલેરી
હતો વીરા વીરા પામરોરે તેને ગાત્રા જવાની હામરે. તે તો ગુણુ નહીં
ભાલું હું તો તહરોરે કાંઇ કડા કંઠીને જેલા માવડીને સવા લાખ સોન-
ઈયા દેરે, એમ કહી રાણી પોતાના મેહેલમાં આવી રબારી શણગાર
સજીને પોતે સાંઢપર સ્વાર થયો. પછી જેમ ગોકુળમાંથી આવી રબારી
શણુગાર એટલામાં સમસમાટ કરતી રાત ચાલી જાય છે તેને રબારીએ
પુછ્યું માસી ક્યાં જાઓ છો? ત્યારે રાત કહે વહાણુ વાવા જાઉં છું
રબારીએ વિચાર્યુ કે જો રાતને કહું તો વહાણુ વાવાની ફી-
કર મટી જાય એવું ધારી ચાંગળો ભોંયપર નાખી દીધો અને રાતને કહ્યું
કે માસી મારો ચાગળો આપો રાત કહે મને તો થાય છે તેથી
તારી મેળે લે. રબારીએ કહ્યું સાંઢને નીચે બેસાડીશ તો મારાથીનીચે
ઉતરાશે અને તમે તો ઉંચા હાથ કરી આપી શકશો, પછી રાત ચાબકો
લઇ ઉંચો હાથ કરી આપે છે એટલે રબારીએ રાતનું કાંડું ઝાલી સાંઢ
ઉપર ખેંચી લીધી અને પોતાની ખાંડ તળે ઘાલી ઉપર ચડી બેઠો વહાણુ
વાવાની ફીકર મટી ગઇ આ રીતે અમનગર આવી પહોંચ્યો અને
દરવાજા બંધ દીઠા. દુહો—૬૮રે ગોળારી સાંઢ પાપીણીરે મેલો તારો

કરયો વિશ્વાસરે.મેં તો ખેપ કરી સકું ખાલી ગઈરે, દામ મળવાનીરે નથી આશરે દામ રૂડીઆને શોકાતુર થયેલો જોઇ સાંઢ બોલી કે રૂડી-આ એક ખેત્તરવા પાછી લઇ જાઇને તું મને હેંકાવીશ તો એનાં કાંકરા અને ખ,ઇ સુધાં કુદીને હું શેહેરમાં જઇશ રૂડીઆને હીંમત આવી અને સાંઢ હેંકાવી તે સાલાસુલાની પોળે જઇ ઉભી રહી અને રૂડીઆએ પોળીઆને કહ્યું કે દુહો—પોળીઆ મારા તું તો બાંધવારે કાંઇ સાલા-સુલાને જગાડરે. કાં કામ માંરેછે ઘણી ઓસડીનું તું તો ઝટપટ પોળ ઉઘાડરે, તુંતો પોળ ઉઘાડ અને રસાલાસુલાને જગાડી કહ્યું દુહો—

સાલા સુલા તમને વીનવુંરે તને લળી લાગુ પાયરે. કાંઇ૦ ગઢમાંડવી હું આવીઓરે, મુને વાર ઘણેરી થાયરે મુ૦ માટે વેહેલા તમે ઉઠજો રે કાંઇ તત્પર થાઓ નરેશ. કાં૦ દામાવંતીના દીકરાને એના તાતે આપ્યો પ્રદેશરે, એના૦ માટે રાણીએ મને મોકલ્યોરે, કહુંજો બાપ સોંપ્યો પરદેશરે, ક૦ અત્યારે આવીને તને રોકતો કુંવર કહ્યુંએછે આજ રાત રે, કુ. રૂડીઆના સલામ સાંભળતાં સાલાસુલા જાગી ઉઠ્યા; ને નીચે આવીને રૂડીઆને પુછ્યું કે ભાઇ શું છે ? રૂડીએ કહ્યું કે ગજરામારૂને એના બાપે દેશવટો દીધો છે માટે તે સવારમાં જવાનો છે તેથી અને તેડવા આવ્યો છું એવું સાંભળી સાલાસુલા ઘણો દીલગીર થયો અને તઇયાર થઇ સાંઢ ઉપર બેઠો રૂડીએ સાંઢ હેંકાવી પવન વેગે મુકીને માંડવ ગઢ આવી જ્યાં દામાવંતી રાણી બેઠી હતી તેને જોઇ રાજી થઇ અને રબારીએ ધન આપી ભાઇ રાણીએ કહ્યું કે ભાઇ આતો સવારમાં જવાનો અને આનો વિવાહ કમળાવતી નગરીના રાજાની કુંવરી સાથે કરયો છે ત્યાં રાતનાં લેઇ જઇ તે પરણાવી આવો તો તે કોઈ દીવસ પાછો ઘેર આવે, રાણીના ભાઇએ રબારીએ કહ્યું કે ભાઇ આટલું

કામ કરવાની હીમત બાંધી તો ઠીક. રબારીએ કહ્યુ કે મારા જીવમાં જીવ છે ત્યાં સુધી તમારો તાબેદાર છુ પછી મામાએ અમરને જમાડ્યો તેણે મામાને કહ્યું કે મામા મારે તો સવારમાં પરદેશ જવું મામાએ કહ્યું આપણે ઘેર બધાને મળીને જજે એવું સમજાવી સાંઢ ઉપર બેસાડી સાંઢને ઉડાડી તે કંચનાવતી નગરમાં આવી પહોંચી મામાએ રાજા પાસે જઇને કહ્યું કે અમારા ભાણેજને એના બાપે દેશવટો દીધો છે માટે તમારી કુંવરી પરણાવી દો કેમકે તે હાલ પરદેશ જવાનો છે એવું સાંભળીને રાજા દીલગીર થયો અને વીચાર કર્યો કે કોઇ ગરીબ ગરબો હોય તો પરણાવવા ન ના કહીએ પણ આતો સાસાકુળાને જામ બહુ જબરા છે એટલે તેમને ના કેમ કહેવાય; પછી પોતે રાણી પાસે જઇને કહ્યુ કે અજરામરના બાપે એને દેશવટો દીધો છે માટે પરણવા સારૂં આવ્યો છે; રાણી કહે કે એવી રીતે કન્યા કેમ દેવાય ! રાજાદપે તો આપણાથી ના નહી કહેવાય કુંવરીને પુછીએ તે શું કહે છે.

દુહો—જાન આવી અજરામરનીરે; કાંઇ પરણવાને હાલરે કાં૦ પીતાએ આપ્યો દેશવટોરે; એતો પરદેશ જાશે કાલરે; એ૦ રાજકુંવર પરણી તુજનેરે તે તો છાનો જાશે વનવાસરે, તેતો લખ્યું હશે તારે આવશેરે તમે શુંકો પરણ્યાની આશરે; તમે૦ રાજકુંવર પરણી જાણતી ગહેલ ગેહી અવીસ પાનરે. મે૦ તેના રહેશે તેનો ઓસ્તોરે. કાંઇ મારૂં કહ્યુ તુનો માનરે. કાં૦ દુહો—કરમે લખ્યું મારેરે. તે તો મિથ્યા નહી થાય, તે૦ રૂડો ભુંડોરે કરમે ચરચ્યોરે, મને બીજાને કહેતાં એસે પાપરે મ૦ માટે હે પીતાજી મારા કરમમાં જે લખ્યું હશે તે થશે. જેવો તેવો મેં એક વખત કબુલ કર્યો તેજ ખરો; હવે બીજાને કહેતાં પાપ લાગે આ સાંભળતાં રાજાએ લગનનો સામાન મંગાવ્યો અને કન્યાદાન દીધું જ્યાં અજરામર ચોરીમાં બેઠારે છે અને જણ મંગળ

વરતાઈ રહ્યા એટલે મારૂને યાદ આવ્યું કે આ પંચાતમાં પડીશ તે પોતાનું વચન જશે તેથી તરવાર ખેંચી વરમાળા કાપી નાંખી તેનાડો એના મામાએ વાર્યો પણ માન્યું નહી એટલે ચોથુ મંગળ ખાંડાથી વરતયું કન્યાને પીયર મુકીને મારૂ સાંઢ ઉપર બેસી ચાલી નીકળ્યો. રબારીએ વીચાર કીધો કે રાતને બાંધવાથી ઘણાકને નુકશાન થશે તેથી તામારાને તોડી આવી સાંઢ હાંકી ભાંડગઢ આવી કુંવર દામાવં-તીને સોંપી અને સાલાસુલાને અમનગર મુકી ઘેર આવી રાતને છોડી દીધી વહાણુ વાયુ ગજરામારૂ લઈપાર થઇ માતાને પગે પડી ચાલવા માંડે છે એટલે રાણીએ કહ્યું કે દુહા—સુરજ પહેલો તગે સંચરેરે; કાંઈ રવી ઉગતે સુરગે. પરથવી પર કાજવારે કાં. વાધે ઘણુ એક નુરરે, કાંઈ૦ સારા સુકન લઈ નારૂ રસ્તે પડો તો બે જોઇ રાણી રૂદન કરવા લાગી. સુને સમરથ મારો ઢોલીયોરે, તારી ઘોડા સુની ઘોડાળ-રે. સુની મેડી સુની માળડીરે, કાંઈ સુના મુકયાં શણગારરે, સુનહાસને સુની દાસીઓરે, કાંઇ સુના મુકયાં મુખવાસરે સુના બાગા સુના બંગલારે; કાંઇ સુના પડયા અસવારરે કાંઇ. ગોકુલ બાગ બગીચા નોકર ચાકર તારા વગર સુના પડયા છે. રાણી રૂવે છે પણ મારૂ તો ચાલ્યોજ જાય છે તેના વિયોગથી રાણી ચંપાદે ખાંનપાન છોડી ત-જીને પ્રભુ ભક્તિ કરે છે; બહુ દીન પછી ચંપાએ માથામાં નાખવા સારૂ ચંબેલીનું તેલ લેવા દાસી મોકલી. પોતે અગાસીમાં આવી ત્યાં મારૂ જોઇને આણંદ પામી બોલી કે, દુહા—ઘોડો બાંધુ ઘોડાળમાંરે કાં પલાણુ મેલુ પરસાળરે દમયંતીના દીકરારે તું તો માહારે મો-હોલ પધારે મારૂને કાને અવાજ આવતાંજ ઘોડાને ઉભો રાખી પોતે વિચાર કરે છે કે અહી કોણ બોલાવતું હશે રસ્તામાં માસીનું ગામ આવે છે તે તો નહીં હોય એમ ધારી ઘોડાને તે મહેલમાં ઉતારી દીધો. મારૂને જોઇને ચંપાદેને આનંદ થયો, ઓળખાણ કરયા વગર

આજ દહાડા સુધી મારૂને પોતાની પાસે રાખજો એક દહાડો બંને જણ સોગઠા બાજી રમવા બેઠાં રાણીએ કહ્યું કે તમે જીતશો મારૂ—એતો નસીબની વાત છે. જેના હાથ પડે તે જીતે. રાણી—નસીબનો સાહેબ છો. તમે મને ચોરીમાંથી મુકીને નાઠા હતા પણ મારા નસીબમાં હતું તો તમે પાછા ભેગાં થયાં એ સાંભળી મારૂ વિચારમાં પડયો કે હવે આ સુખમાંથી જવાશે નહીં. એમ ધારી બાજી ઉપાડી અને રજા માગી, દુહા—ધણીએ રહવાની મારે આપડીરે, અન પાણી લેવું મારે વાખરે, કટપટ અમે આવશુરે, રાણી ખુશીથી આપો શીખને. રાણી—અરેરે આ તણુ ધણીનુંજ સુખ, ઓળખાણુ કાંઈ નહી હો તે પાછો આવો વિજોગ થાત નહીં એવી રૂદનની ગતી વીલાપ કરતી રાણી બોલી કે દુહા—તમે ચાલ્યા રાજા ચાકરીરે, અમને મેલી બહામણુ હૈડોરે, સુખ દુખ જોવા કોણ આવશેરે; તેની પ્રાને સુપરત હોછોરે, રાજા કેહો તમને સોંપ્યા મંદિર માળીઆરે રાણી સોંપી હીંચોળા ખાટરે, આવો પીઓને બેઠા બેઠજરે. તમે બાલાએ નહીરની વાટરે રાણી—અને મહેલ બંધીખાનું માનીએરે, મને લીંચોઓ સુણી શમાનરે સેજે સુખને રૂદન માંડીએરે રાજા મંદીર ઉજડ રાનરે, રાજા—તમને સોંપ્યાં કબુની કોઠારે તમને સોંપી દુઝણી બે જોડરે દુધ સાકર પીઓ દાડી અરે વસ્ત્ર શણગારની નથી ખોટરે, રાણી મારે કોઠારા કોમળારે, દુઝણી જેના આમડીઓને દેહરે દુધ સાકર રૂધીર દેગીએરે વસ્ત્ર બાળી રખાઆ ચોગી રહુરે રાજા—તમારે સોંપ્યા રૂા રૈદીપા, વળી સોંપા રજ કપાસરે, સરખી સહીયર ભેગી કાંતજોરે. તેમાં નહી રહો ઉદાસરે રાણી—રૈદીઓ ભાગીને રાંધુ ખીચડીરે. કંઇ કપાસે મે ૧ અગરે સાહેલીઓને શમા નથી કામનારે મેતો ભાલી તમારી બાંહરે. રાજા તમને સોંપ્યો પારસ પીપળોરે રાણી ગમુજો પીપળીસના પાનરે, બાર વરસે અમે આવશુરે, રાણી વાળીશું તમારા વાનરે. રાણી—સાંગે ત્રેડો મારો સાથખારે મારા બાર વરસ કેમ જાયરે; વીજોગની ઘડીઓ જોયસમીરે રૂપારો વરસ સમજાંરે આવું જાણું તો નરપરમુકુંરે.

રાજા બાળ કુમારી રહેતેરે. હાતે હાથ મેંદો ઝાલીઓરે કોરા રસમને
હોય ન હેતરે; મારે સાસરૂ જોવા ઓરતારે રથાગી ઘુંઘટ તાણવાના
કોડરે; તથે ચંપોને હું હતકીરે મારી મસી ગ ત હતી જોઈરે પેરી
ઓઢીને ફરત સાસરેરે, તે સહુ વિચાર અમારા ભાગરે. તે નથી ધુ
ટયા હાથના મીંડળરે, નથી ઉતરયો પાનેતરનો રંગ. ગજરાએ કહ્યું કે
દુહો—કંકાસ મુરો તમે કામનીરે, કાંઇ ધીરજ રાખજો તંત, કાં૦
શુકનસરેલા અમને આપીએ આગે અહીંએ આગારે પંથરે આ૦ હવે
રેવાનું કામ નથી ધીરજ રાખીને રહો રાજા હુકમ લેઈ રાણી શુકન
આપવા માંડયા. દુહો—કાબાં જમણી જોને તેતર બોલરે રાજા આ
હી ઉતરેપમ જાશરે. રા૦ એવે શુકને તમે ચાલશો તો રાજ નકી દે-
ખો દરબારરે રાજા૦ તમે જશો તો મદા વીકા નડશે મારૂ કહ્યું કે
રાણી અપશુકન બોલ્યા નરતાં સારા શુકન આપો. રાણી સારા શુકન
આપે છે. દુહો—કાબા બોલે રાજા દેવારે કાંઇ જવગોરી બેરા હોવારે
કઆવે સુકન તમે ચાલશોરે તમને વેરી ન ગાળશે કોઇરે તમ૦ કોરે
ઘડે કુવારકારે તને પોશે અખાણું જાય ગારે. તે૦ એવે શુકન તમે
ચાલશો તમને મળશે કુબાદે નારે. ત૦ વર કન્યા પરણીને આવતારે,
સામાં મળે નીશાળીઆ સારરે મા૦ એવે શુકને તમે ચાલશો તો ત-
મો મળશે દેવબાદે નારરે તમ૦ દેવ શકન શુભ જોગણીરે, કાંઇ પીતા
ડકેવાવરે, કાં૦ રક્ષા કરે તમ તણીરે, રાણી કહે સુણો મારા નાથરે,
રા૦ હીમ પડે ધરની ગડગડેરે એવું મારે દુઃખરે. કાં૦ જ્યારે રાજા
તમને દેખશું ત્યારે તો રાગે સુખરે, તમારે નર વીના નારી એકલીરે,
તેનો પગલે પગલે વાંકરે, તે દાસે મુને બીહામણોરે, હું તો કાઢ ભારી
કલંકરે રાણી કહે રાજા સંચરોરે, કાંઇ ચલાવો ચતુર તોખારરે, કાં૦
વહેતા શુકન લેઈ ચાલીઆરે. ગજરાબાઈ રહ્યાં હારરે, ગજ૦ રાણીએ
રજા આપ એટલેગજા પોતે શુકન જોઇને ચાલ્યા જ્યાં રાજા ગ

કે રાણી ઘણા રૂદન કરે છે કે દાસી રાજા વીના મારા પ્રાણ રહેનાર નથી માટે રાજાની સાથે જવાય તો ઠીક. રાણીનું આ કહેવું સાંભળીને એક દાસી બોલી કે આપણી એક દાસી પાસે અતીતની આપેલી એક જડીબુટી હતી તેમાં એવો ગુણ હતો કે માણસ મોંમાં રાખીને જે જનાવરનું રૂપ લેવા ચહાય તે રૂપ થઇ જાય રાણીએ તે જડી બુટી લઇ મોમાં નાંખીને પોતે ભમરી થઇને રાજાની પાછળ ગઇ અને રાજાના પેંગડામાં ભરાઇ હવે જગલમાં થઇ ઝડપથી રાજા જાય છે એટલે રાણી બોલી કે:—દુહો—હળવે રેવંત રાજા ખોલ જેરે, કાઇ કા- ર જ કકડા થાતરે, કોઠ સવા ગજનું છે રાજા નેગીલુરે, મારૂં ડામેરૂ અંગ દળાયરે, માસ આ અવાજ રાજાને કાને આવ્યો એટલે ઘોડો ઉભો રાખીને ચારે તરફ જોવા માંડ્યું પણ કોઇને દીઠું નહી એટલે મન વાળ્યું કે એ તો રાણીના ભણકારા વાગતા હશે એમ ધારી આગળ ચાલ્યા ફરીને રાણી બોલી. દુહો—દશરથંતીના દીકરારે મારી સગી નણંદના વીરે.- મા. હળવે રેવંત તમે હાંકજોરે, સોસાઇ જાય શરીરરે; મા. રાજા તરત ઉભા રહીને તરવાર ખેંચીને કહ્યું કે જે હોય તે મારે સામે આવે. નહી તો હું બાળીને ભસ્મ કરીશ એટલે રાણી પોતાનું સ્વરૂપ બદલીને રાજાને સામે આવી ઉભી રહી. એટલે રાજાએ કહ્યું કે તમે મારો કેડો નહી મુકો તો મરી મેળે આપઘાત કરીશ રાજાને રીસમાં જોઇ રાણીએ કહ્યું કે તમારી મરજી નથી તો હું નહી આવું ગજરામારૂ ફરતો ફરતો રાયરૂપાના શહેરની બહાર સુકાઇ ગયો ફુલના છોડને ફુલ આવ્યાં રાજા ઝાડ સાથે ઘોડો બાંધીને ઝાડ નીચે સુતા એટલે ઉંઘ આવી ગઇ એટલામાં એજ ગામના ઢેડ તથા વાઘરી હમેશ લાકડાં વીણવા આવતા હતા તેઓ જુવે છે તો બાગ લીલો કમાર જેવો શોભી રહ્યો અને અંદર એક ઘોડો અને પુરૂષ દીઠો તે જોઈ તે બાગની માલીક માલણ હતી તેની પાસે જઇ કહ્યું કે

કે તારો બાગ લીલોછમ જેવો થઇ ગયો છે અને કોઇ મોટો પુરુષ બાગમાં સુતો છે તમને લાકડાં નહી મળ્યાં હોય માટે તમે મને કહો છો પેલા માણુસોએ સમ ખાધા એટલે માણુસ બાગમાં આવી પછી પોતે એમના પગલાથી ઝાડ લીલાં થયાં છે એમ ધારીને ફુલ ચુંટી હાર ગજરા બનાવી રાજાને આપવા જાય છે એટલે ઘોડે ખુંખારો કં- રયો તેથી રાજા જાગી ઉઠયો ને માલણ ઉભી રહી તેને મારૂએ ચાંપા ગોરો આપી માલણ જોઈ રાજી થઇ અને જાણ્યું કે આ કોઇ રાજા છે એમ ધારી માલણ રાજાને પુછે છે દુહો—કીયારે મુલકના તમે રાજવીર, રાજા વળી કીયા તમારા ગામરે, રાજા૦ ન્હાની વયે તમે નીસરયાયારે, એવું શું રે પડયુ છે કામ એવું૦ તેજ ન મળે ત્રણ લોકમાંરે, રાજા હજુએ છો બાળે વેશરે. રા૦ શારે દુખે તમે આવીયારે તમે કેમ વેઠી પરદેશ તમે. નોકર ચાકર નથી સાથમાંરે કાંઇ એકલા આવ્યા આપરે. કાં. સાચુ બોલો માગ સાયબારે તમને સુજ સુજ માર્યાનું પાપરે. તમને. અમે નથી કાંઇ રાજવીરે. બેહન નથી કરતા અમે રાજરે. બે૦ પુથ્વી પ્રદક્ષણા કારણેરે, કાંઇ આવ્યો મુલક જોવા કાજરે, કાંઇ નામ ઠામ સાં બતાવીરે. જયાં થતું હોય વિતાડનું કામરે, જયાં૦ આ શેહેર શોભીતું અમે જોઇનરે, પછે જઈશું બીજે ગામરે, પછે૦ માલણ મારૂને પોતાને ઘેર તેડી લા વી અને જમાડયા પછી મારૂ કહે કે આ શહેરના રાજા પાસે જઉ છું જે મને નોકર રાખશે તો અહીંજ રહીશ એમ કહી કચેરીમાં આવીને રાયા રૂપાની સામો ઉભો રહ્યો, કુંવરનું મુખ જોઇને રાજાએ વિચાર કરયો કે આ કોઇ મોટો પુરુષ છે એમ ધારીને પુછે છે. દુહો—કીયા મુલકના તમે રાજવીરે વળી શું છે તમારૂં નામરે. વળી૦ શારે કારણ પરદેશ નીકળ્યારે, એવું શુ રે પડ્યું છે કામરે, એવું૦ કોને દુખે તમે આવીયારે, હજુ દીશોછો બાળે વેશરે, હજુ૦ તેજ કાંઇ તમતમેરે કું-

છોડયો પોતાનો દેશરે કેમ૦ દુહો—અમે નથી રાજા નહી રાજવીરે કોઇ છેટે અમારૂ ગામરે, કાંઇ૦ આવ્યો પરદેશમાં રાજા ચાકર રહ્યાનું કામરે, રા. નામ મારૂ નથી પાડીયુંરે, મને ઠાકોર કહે છે સઉ લોકરે, મને૦ તેથી કરીને મને રાખશોરે, તો તેની હજુરમાં રહુરે હું તો એવું સાંભળીને રાજા ખુશી થયા અને કહ્યુ કે તમે શો પગાર લેશો મારૂ કહે દર મહીને સવા લાખ રૂપીઆ લઇશું રાજાની મરજી ન છતાં પ્રધાનના આગ્રહથી મારૂને નોકરીપર રાખ્યો. રાજાની સાથે બાજી રમવામાં એક માસ કાઢયો. પ્રધાનના કહેવાથી રાજા એ મારૂને રાક્ષસની ચોકી કરવા માટે મોકલ્યો; મારૂ તરવાર ઉઘાડી દરવાજા પાછળ ઉભો. દરવાજાની બારી ઉઘાડી જોઇ રાક્ષસ મનમાં ખુશી થઇ બારીમાં પેઠો કે તરત મારૂએ ખડગથી ઘા કર્યો રાક્ષસના બે ટુકડા કરી નાંખ્યા તેના કાન કાપી મારૂ પોતને ઠામ આવ્યો. આ વાત જાણી રાજા અને પ્રધાન ખુશી થયા. મારૂએ મારવાની નીશાની રાજાને બતાવ્યાંથી રાજા ઇનામ આપ્યું ઘણા દીવસ પછી ચંપાવતી નગરીના રાજાની કુંવરી ફુલાદે મારૂને સાથે પરણાવાનો નકી વીચાર કરી કાગળ લખ્યો અને તે એક બામણને આપી મારૂને આપી મારૂને આપી આપવા કહ્યું તે બાહ્મણ લઇ દામાવંતી પાસે ગયો ત્યાં મારૂનો પતો ન મળવાથી બ્રાહ્મણ રાયારૂપાન મુલકમાં આવ્યો અને વિચાર્યુ કે ફુલાંદે મારૂને ઓળખાતી નથી માટે એને બદલે રાયારૂપાને પરણાવું તો ઠીક એમ ધારી તે શેહેરમાં આવ્યો અને કહ્યુ કે મહારાજ હું ચંપાવતી નગરીમાંથી વેવાઇશાળ કરવા હું રાજા અને પ્રધાન એકાંતે બામણને પુછે છે બામણે કહ્યુ મહારાજ મને માંડવગઢમાં ગજરામારૂની સાથે વીવાહ કરવા સારૂ મોકલ્યો હતો પણ તે તો દેશવટે ગયા છે. અને કુંવરીએ ગજરામારૂને કદી જોયા નથી માટે તમે તેના નામથી આવો તમારૂ કામ થાય રાજાએ કહ્યુ કે બાહ્

ગ તો સારો છે તે પછી બ્રામ્હણને ઘણું ધન આપી વીદાય કીધો તેણે ચંપાવતી નગરીમાં આવીને વિવાહ કરવાની વધામણી આપી તે સાંભળી સઉ ખુશી થયા બ્રાંમણને ખુબ પઈસા આપી ખુસી કરી લગનની તઈયારી કરવા માંડી અહીંયાં રાજાએ કહ્યું કે તમે પાછળથી ઠાકોરને શેહેર સાચવવાનું સોંપીને આવજો એમ કહી લાવ લસ્કર સાથે રાજા રસ્તે પડયા બીજા દીવસે ઠાકોર કચેરીમાં આવ્યા ત્યાં તો સુનુસટ ને પાદરપટ દીઠું પ્રધાનને પુછતાં જવાબ મળ્યો રાજા પરણવા ગયા છે એવું સાંભળી ઠાકોરને દુખ લાગ્યું પણ નોકરીઆ માટે હુકમ માનવો જોગ ધારીને પોતે શેહેર સાચવવા રહ્યા થોડાક દહાડામાં જાન આવી પહોંચી, ખબર થઈ એટલે રાણીએ તેમને ઉતારો આપ્યો ને તેમની ચતુરાઈની પરીક્ષા કરવા માંડી રાણીએ સાત રંગના પડદા બંધાવી રાજાને કહેવરાવ્યું કે પડદા છોડતા તમે આવો, તમે છોડશો તો હું તમને પરણું રાજાને બહુ વીમાસણ થઈ આ પડદા કેમ છોડવા તે સબંધી રાજાને કશું ભાન ન હોવાથી [illegible] વીચારમાં પડી ચીંતા કરેછે અહીંઆં ગજરામારૂ શહેરમાં ચગાન કરે. થોડા દહાડા ગયા પછી શહેરની ખુશી ખુશાલીના સમાચાર રાજાને લખી મોકલ્યા અને પછાડીથી ફકીર બની રાજાની ચરચા જોવા પોતે પોતાના પવનવેગી ઘોડા ઉપર સ્વાર થઈને આકાશ માર્ગે ઉડાડીને એક ઘડીમાં ફુલાદેના નગરની એક મસીદમાં જઈ ઉતર્યો. અહીંયાં રાજાના માણસો પડદા છોડી શકે એવા હુશીઆર માણસને શોધતા ફરે છે. આ નવા મુસાફર મારૂને જોઈને કહ્યુંકે ફકીર સાહેબ તમને સાત રંગના પડદા છોડતાં આવડે છે. તેણે જવાબ દીધો કે હું બે ચારેક છોડીશ શીપાઈએ કહ્યું કે અમારા રાજા આ શેહેરમાં પરણવા સારૂ આવ્યા છે પણ કુંવરીએ પડદા બંધાવ્યા છે ને તે પડદા છોડવાની રાજામાં શક્તી નથી માટે તમારૂં કામ છે.

એવું સાંભળી મારૂને ખાત્રી થઈ કે રાજા હજી પરણ્યા નથી ફકીરે

સીપાઇઓ સાથે રાણીને કહેવરાવ્યું કે સાંજરે પડદા છોડવા સારૂ અ-
મારા રાજાજી આવનાર છે તેથી રાણી પોતે સોળે સણગાર સજી
રાજાની વાટ જોતી બેઠી છે. એટલામા મારૂ ઘોડો નચાવતો આવ્યો.
રાણી અને તેની નજર એક થઇ ગઇ. મારૂ મહેલમાં ગયો એટલે
રાણી સાત રંગના પડદા વીશે પુછે છે મારૂ તેનો જવાબ આપે છે
એટલે દાસી પડદા છોડે છે. દુહો—પડદે આવ્યા મારા વાલમારે, તમે
કહોને પડદા કેરી રીતરે, ધોળો પડદો કહી દાખવોરે વરનાગા આરોપુ
આપણી પ્રીતરે. ધોળા વનમાં રાણી ધેન ચરેરે. કાંઇ ધોળો વન કપાસરે
કાં૦ ધોળી પુરૂષ માથે પાઘડીરે એતો શોભીતી બારે માસરે, એતો૦
ભલો કહ્યોને ભલો દાખવ્યોરે કોઇ ભલો ભાવ્યો રંગરે. કાં૦ પીળો
પડદો કહી દાખવોરે તમને પોઢાડું સેજ પલંગરે ત૦ ધોળો પડદો પા-
છો કરોરે રાણી પીળાની સુણજો રીતરે, રાણી૦ ઘડી એકમાં કહી
દાખવુંરે પરણી લઇ જઇશ ખચીતરે, પર૦ પીળા વનમાં રાણી પોપ-
ગરે, કાંઇ પીળી ગાભાની દાળરે કાઇ૦ પીળો ગોરાદેનો કંચવોરે, કસી
પહેરે આપણી વહાલરે કરી૦ ભલે કહ્યો ને ભલે પાડ્યોરે કાંઇ ભલો
ભાવ્યો રંગરે. કાંઇ૦ રાતો પડદો કહી દાખવોરે તમને પોઢાડું સેજ
પલંગરે, તમને૦ પીળો પડદો પાછો કરોરે રાણી રાતાની સુણજો રીતરે,
ઘડી એકમાં કહી દાખવુંરે, પરણી લઇ જઇશું ખચીતરે. રાતી તે વન-
માં ચણોઠડીરે રાણી રાતો કસુંબો મજીઠરે રા૦ રાતો ગોરાદેનો ચુડ-
લોરે. બારે માસ પહેરતો દીઠરે, બા૦ ભલો કહ્યો ને ભલો દાખવ્યોરે
રાજા ભલો ભાવ્યો રંગરે, રા૦ કાળો પડદો કહી દાખવોરે તમને પો
ઢાડું સેજ પલંગરે, રાતો પાછો કરોરે રાણી કાળાની સુણજો રીતરે.
કાળો ઘડી એકમાં કહી દાખવુંરે પરણી લઇ જઇશું ખચીતરે, કાળો તે
વનમાં કોશીઓરે, કાંઇ તેથી કાળેરે કાગ કાં૦ કાળો ગોરાદેનો ચોટ-
લોરે, ભણું શોભતો વશીયલ નાગરે, ભ૦ ભલો કહ્યો ને ભલો પાડ-

જોરે રાજા ભલો બજાવ્યો રંગરે, લીલો પડદો કહી દાખવોને તમને પોઢાડું સેજ પલંગરે, તમને કાળો પડદો પાછો કરોરે, તમે સુણજો બાલા કેરી રીતરે, ઘડી એકમાં કહી દાખવુંરે પરણી, લઈ જઈશું અ-ચીતરે લીલો તે વનમાં વાંસેરીઓરે, રાણી લીલા તે જવનો છોડરે લીલો ઘેરદેનો સાળુડોરે, કાંઈ ઓઢતાં પહોંચે કોડરે કાં૦ ભલે કહ્યોને ભલે પારખ્યોરે; રાજા ભલો બજાવ્યો રંગરે કાબરો પડદો કહી દાખ-વોરે તમને પોઢાડું સેજ પલંગરે; લીલો પડદો પાછો કરોરે તમે સુણજો કાબરા કેરી રીતરે. ઘડી એકમાં કહી દાખવુંરે પરણી લઈ જઈશું અ-ચીતરે કાબરા રબારી ઘેર ઘેટાંરે રાણી કાબરી બાવસાર ઘેર ભાતરે કાબરી ગોરાદેની આંખડીરે તેતો આંજની આજમ રાતરે ભલે કહ્યોને ભલે પારખ્યોરે, રાજા ભલો બજાવ્યો રંગરે. ફરતો પડદો કહી દાખવોરે, તમને પોઢાડું સેજ પલંગરે. કાબરો પડદો પાછો કરોરે રાણી ફરતાની સુણજો રીતરે. ઘડી એકમાં કહી દાખવુંરે, પરણી જાઉં અ-ચીતરે. ફરતો ઘાંચી ઘેર બળદીઓરે, રાણી ફરતો કુંભાર ઘેર ચાકરે ફરતો ગોરાદેનો રેંટીઆરે જેની સોના વરણી ચાકરે રાણી હજી પુછવું હોય તો પુછ. નાથ હજી એક મનમાં હામ રહી ગઈ છે તે પુરણ કરો એટલે મારા મનના મનોરથ સફળ થયેલા સમજું ગદબદ પડદો કહો.

દુહો—ગદબદ પડદો કહી દાખવુંરે, પરણીને પમાડું સુખરે, ગદબદ ઘીને સાકરરે, રાણી ગદબદીઓ કંસારરે, ગદબદ રાણી ફુલાંદેની સેજડીરે. તેમાં પહોડે ફુલાંદે નારરે, પડદા ઉપાડી મારૂ રાજા પાસે આવ્યો. તેને સમજાવી પરણવા સારૂ મોકલ્યો અને પોતે પોતાના ઠેકાણે આવ્યો. રાજા પરણી આવે છે તે જાણીને મારૂ રાજાની સામે જવા નીસર્યો. થોડે મસ્તી કીધાથી અંબોડો છુટી ગયો તેમાંથી અંદરની ખુશબો રાણી ફુલાંદેના રથમાં આવી એટલે રાણી એ

હસીને કહ્યું કે. દુહો—ઝટપટ દાસી પડદો ખોલજેરે, મને મારૂ જોવાની ખાતરે મ૦ રાયરૂપા મારો જંપવોરે કાંઇ૦ ગજરામારૂ મારો કંઠરે. કાં૦ રાયારૂપનો ચુડો ભાગીને ગજરામારૂનો ચુડો હાથરે ગ૦ હવે શેહેર એનામાં નહી રહું હુંતો જાઉં એની સાથરે. હુંતો૦ અરે દાસી હું રાયારૂપાનો ચુડો ભાગીને ગજરામારૂના નામનો ચુડો ધારણ કરૂ છું હવે મારે એના શહેરમાં જવાનો નીયમ છે એવું એવું કહી પડદામાં ડોકું બહાર કાઢી જોયું એટલે મારૂ હીરા રાજાની પાસે આવ્યો રાયારૂપા મારૂને જોઇને ખુશી થયા અને શહેરના દરવાજાની પાસે આવી પોહોચ્યા એટલે રાણી પોતાનો રથ દરવાજા બહાર મેહેલ બંધાવી રાણીને રખ્યાં રાણીએ ત્યાં એક સરોવર ખોદાવ્યું તે એવા વીચારથી કે કોઇ દીવસ મારૂ ઘોડાને પાણી પાવાને અહીયાં આવસે મારૂ ઘોડાને લઇ પાણી પાવા ગયો. રાણીને મારૂ વચે બે ઘડી વીવાદ થયો મારૂ રીસમાં ગભરાઇ જાય છે મહારાજ તમે અહીયાં પધારો ત મને મારા સમ છે રામની દુવાઇ છે મેં તમારા માટે તો બાર વરસનો નીયમ લીધો છે મારૂ ઘોડાને લઇને તે મહેલમાં ગયો ત્યાં દાસીઓએ ઘોડો ઝાલી અને મારૂને પલંગે બેસાડીને વીવીધ પ્રકારની રસોઇ ક-રીને મારૂ જમાડયો ત્યાં હરખમાં આખી રાત જતી રહી. અને સવાર થયું ત્યારે રાણીએ મારૂને કહ્યું તમે માલણના ઘરમાંથી સરંગ ખો-દાવજો મારૂ ત્યાંથી નીકળીને મકાન ઉપર આવ્યો ને માણસને બધી હકીકત કહી પોતે દરબારમાં ગયો અને રાતનો ઉજાગરો તેથી ઝોકાં આવતાં હતાં અને આંખો પણ લાલ થઇ હતી માટે એક સીપાઇ મારૂને મશકરીમાં પુછવા લાગ્યો કે સીપાઇને ધમકાવીને મારૂ ઘેર આવી રાણીના મેહેલ સુધી સુરંગ ખોદાવી આવજાવ કરવા લાગ્યો, બારા વરસ પુરા થતાં રાજા રાણીને મેહેલ પધારયા તે વખત મારૂ મેહેલમાં હતા તે રાજાને આવતા જોઇ ઉતાવળા સરંગમાં ઉતરી પડયા પણ માથાની પાઘડી રહી ગઇ [illegible], આવીને રાણી

પાસે બેઠા અને કહયું કે હવે શહેરમાં આવવાને બે ચાર દહાડા બાકી છે એમ કરતાં રાજાની નજર મારૂની પાઘડી ઉપર પડી એટલે રાણીને પુછયું કે રાણી કેટલા પુરૂષની સ્ત્રી છો રાણીએ કહ્યું કે દુહો—સાચું કહું રાજા સતવંતારે, તમે સુણજો સઘળા સારે. ત૦ પતિવ્રતા વ્રત પાળીએરે, કાંઇ ચાર પુરૂષની નારરે પણ હું ખરેખરો પતિવ્રતા ધરમ પાળુ છુ રાજાએ કહયું કે દુહો—પતિવ્રતા નારી એકનારે તમે ધરમ પાળુ છું રાતગો—પરપુરૂષ સાથે બોલતરે પ્રગટ ગણો તે બાઇ બેનને પ્ર. રાણી રાજાને ખુલાસો કરી સમજાવે છે. દુહો—પલકમાં રાજા ચોડતીરે. તેમાં પ્રથમ પાળા નર ચારરે ત૦ તેના વનમાં સુતું માહરોરે માટે ગણ્યા તે મે ભરથારરે મહારાજાને ફરીને પુછયું કે તમે સાચી વાત કહો ત્યારે રાણી કહે છે. દુહો—સાચુ કહેતારે રાજા થક થયોરે. તમે સુણીને પામજો પારરે ત૦ જીવતા લગી એક ઝંખાએરે, અમે તે પુરૂષ ઘેર નારરે.

હે રાજા હું આ પાઘડીવાળા પુરૂષની નાર છું રાજાએ કહ્યુ કે પાઘડી કોની છે રાણીએ કહ્યુ કે તમારા નામની અમે બાર વરસ એ પાઘડી જોઇને મન વાળ્યું ને કે એજ રાજા બેઠા છે રાજાએ પુછયું કે પાઘડી કોણે બાંધી આપી રાણી કહે મેં મારે હાથે બાંધી છે રાજા કહે ત્યારે અમારા દેખતાં ફરીથી રાણીએ કહ્યુ પુરૂષના દેખીતાં સ્ત્રીથી પાઘડી ન બંધાય રાજા પાઘડી માગીને પડદામાં ગયા એટલે રાણીએ સુરંગમાં બેઠેલા મારૂને આપી તેણે જેવી હતી તેવી બાંધીને તઇયાર કરી એટલે રાણીએ રાજાને બોલાવ્યા રાજા વીચારમાં પડયા કે આ પાઘડીની બાંધણી ઠાકોરના જેવી છે માટે ઠાકોરને આપણી નોકરીમાંથી રજા આપવી. આવુ વારીને પોતાના મોહોલે પધાર્યા ઠાકોર પણ સુરંગમાંથી માળણને ઘેર ગયા—અને નોકરીને વખત થયે નોકરી ઉપર ગયા એટલે

રાજાએ કહ્યું કે તમે પગાર લઇ ઘેર જાઓ મારૂએ કહ્યું કે મેં મારા પચાસ માણસને ઘેર મોકલ્યા છે તે તમે સાચવજો જો કદી દાનત ભગાડશો તો તમારી ખરાબી થશે કેમકે મારૂં નામ ગજરા મારૂ છે. એટલું કહેતાંજ રાજાના મનમાં ધાસકો પડ્યો કે મુકરર ફુલાદેને લઇશે એવું ધારી રાજા તેને વિદાય કરવા સારૂ ગયા મારૂએ પાછા ફરવાનું કહ્યું પણ વીસ ગાઉ સુધી રાજા સાથે ગયા તે પાછા ફર્યા એટલે તરતજ મારૂએ પોતાના ઘોડાને ઉડાડી મુક્યો તે ગણગણ કરતો ઘડીમાં ફુલાદેના મહેલમાં આવીને ઉભો રહ્યો રાતે રાયારૂપાને ઉંઘમાં શમણાં આવવા લાગ્યાં તેથી જાગીને રાજાએ મામીને કહ્યું ત્યારે મામીએ સ્વપનાની વાત સાચી નથી એમ કહ્યું પણ રાયારૂપાને ઉંઘ ન આવી તેથી ફુલાદેને મહેલે ગયો અને ભીંતે થઇ ઉપર ચઢ્યો દુહો પાછલી રાતે મહોલે કોણ ચડેરે, જાણે મોવાલે ચડતો ચોરરે; કાં૦ રાયારૂપા તને જાણશે તો નહીં રહે જીવ્યાનો હામરે. રાજા એકદમ ઉપર ચઢી મહેલમાં આવ્યો ત્યાં મારૂના જેવો માણસ દીઠો રાણીએ જાણ્યું કે બન્ને ભેગા થશે તો મહા કેર વરતાશે. તેથી રાજાનો હાથ ઝાલી જરૂખામાં લઇ ગઇ અને કહ્યું કે—દુહો—બેહેનનો મહેલ શું આવીયારે તમે જાઓને માડી જાયા વીરરે, કેમ૦ રાયારૂપાનો ચુડો ભાંગીઓરે. ગજરામારૂનાં ઓઢણાં ચીરરે, ગજરા૦ એથી રાજાને ઘણું ગુસ્સો ચઢ્યો અને રાંડને ઝાડે લટકાવી તીરમણાજી કરવાનો નીશ્ચય કરી પોતે મામી પાસે આવીને બધી વાત કહી તે સાંભળી મામીએ કહ્યું કે દુહો— મોળીયું મુકીને એક ચુંદડીરે. કાંઇ લાજવ્યું કુળ કપુતરે, કાંઇ૦ ભાલો ભાંગીને ઘડાવ રેંટીઓરે તમે કાંતો ઝીણા સુતરે કાં૦ ઢાલ વણાવે ઝીણી પામરીરે. તેમ તારૂ ભરશે પેટરે તેમ૦

મારૂ ફુલાદે રાણીને પીંજરેમાં મુકીને પોતે ઉડલના મુલકમાં ગયો

અને આં મહાદેવની વાડીમાં ઉતારો કરયો ત્યાંના રાજાની કુવરી સુધડ- દેને મારૂની સાથે વરવું છે માટે મહાદેવની પુજા કરે છે એક દહાડા કુંવરી મહાદેવની વાડીમાં ત્યાં મારૂજીને દીઠા એટલે તેનું રૂપ જોઇને સુધડદે પુછે છે દુહો-કીયા મુલકથી તમે આવીયારે તમે કીયા મુલકમાં જાઓરે તમે૦ કેઇ જનેતાને પેટ જનમીયા, તમે કેઇ ગોરીના નાવરે. ત૦ સાચુ બોલોરે રાજા સતવંતારે કઇ કીયાં તમારાં ગામરે. કા- ઇ૦ કુવર હો રાજા કોણ તણારે વળી શું છે તમારૂં નામરે, વળી૦ તે સાંભળી મારૂએ કહ્યું કે દુહો—ઉતરખંડથી અમે આવીયારે, કાંઇ પશ્ચિમ અમારો ભાવરે કાંઇ૦ આભામંડળના અમે રાજવીરે રાણી મં- છા ગોરીના નાવરે. રાણી હું તો કુવર રાજા જેમનોરે ગઢ, માંડવ મારૂં ગામરે, કાંઇ૦ અણુમાનીતીનો દીકરોરે કાંઇ ગજરાંમારૂ છે નામરે કાંઇ૦

રાણીના મનમાં આનંદ થયો અને કહ્યું કે મહારાજ હું તમને વળી સુકી છું માટે સાંજના મારા મહેલે પધારજો એમ કહી સુધડદે પોતા- ના મહેલમાં પોતાની સખી દેવળદે છે પ્રધાનની કુવરી છે તે સાથે મ- સલત કરી રંગમેહેલ શણગારયો દુહો—રંગમહેલનો સુંદર ઓરડોરે. કાંઇ ઘાલ્યા છે ઝકઝગારે કાં૦ મેવા ફળ માંડીમુકીયારે કાંઇ રાજવાડા ની રીતરે, કાં૦ રસોઇ બનાવી બત્રીસી રસોઇ કાંઇ અતડી આણીયારે. કાં૦ દુધ અને ભજણી આપે કાંઇ તેજના તનારરે કાંઇ મારૂ જોત. પોતે માંહી રહેરે કાંઇ સજવા માંડયા શણગારરે કાંઇ૦ રાણીએ પોતા નો મેહેલ ભભકાદાર કરયો અને પોતાના પ્રાણુધારને માટે બત્રીશી રસો ઇ તઇયાર કરી પછી પોતે શણગાર પેહેરવા માંડયો દુહો- જરકશી નો સુંદર સાળુડોરે, મહી ઝાંઝેરે કસુંબી રંગરે, માંહી૦ તેતા ઓઢણા અલબેલીએ જેના ભાસે ગોરૂ અંગરે. જેમાં૦ વેણુ લાંબી શેષ સરી ખડી ફેણ જાણે મણીધર શીશ ફુલેરે વેણુ૦ શેથે સીંદુર પુરીયારે શોભત રે ઘણા.

ભદની સીસી ચેટરે. મરગ૦ બીન બીરાતુરે મગદળીનું જોબનજેરરે અ૬૦ ભ્રગુટી કમાન છબીલડીરે, રતન્નાં લોચન રસ કપુરે રતન અતીઅ- ણીઆળા નેણુરે. ચપળ ચરણ છે કટાક્ષ રૂપરે, નાશીકાની વાળીજાણે ઝુમખેરે વેશરે મુક્ત છેલ બહુ હલરે શેખ૦ અરૂણ આંધરસ્ઉપર દપી- કતારે, જોતાં મુની ચરે તતકાળરે, જો હેત કરે મદ મધુરરે, કાંઇ દાડમ બીજ. શા દાંતરે. કાં૦ કુદનરેખા દીસતી ઝળકતીરે, ચળકટચોરે શું ચિતરે, જુગલ મણી છે ચળકતારે, ફુલ પાણ પી અનેજુમરે. ફુ૦ સોપણો ગોરીનો ઘમકોરે, અગો છુપગાટી કેરો ગુછરે. ષ૦કોટી સુરજ વર નારીઓરે સુંદર મુખડુ મપુછે ગાનર. સું૦ રગે તબોળ સુખ ચાગોરે. ભ્રગનેણીનો વાંકો મેડરે અંગ૦ જરકશી બુટાનીકળી કંચુકીરે કશીકશી પહેરી કોટને ક૦ તુથી તનમનીયા હેમનાહાંસડીરે ગાદેળી કરી સજે ચંદનહાર ચોરસનોરે મુક્તાફળ માળ વીશાળ મુક્તા કંકણ સહિત કનક કરચુડોરે મગજ બન્યો છે સારરે. મ૦ વાંચ વીંટી બાજુબધ બેરખી છલા આરસી રહી છે હાથરે છ૦ કુંવરી બની અનુપમ અપછરા કાંઇ તેજ તણો નહી પારરે કાં૦ ફુલઅતર બેઠી રહ્યારે એ એવી સુઘડ નારરે.

રાણી મારૂને જોઇને ખુશી થયાં અને બત્રીસ ભાતની રસોઇ કરીને જમાડી અને પલંગ ઉપર બેઠાં અને આનંદની વાતો કરતા આખી રાત ગઇ, અને વહાણું વાયુ એટલે મારૂએ ઘોડા ઉપર બેસારીને શહેર વચે થઇ આવવા માંડયું તે જોતાં રાજાએ તમામ સ્વારોને પકડી લાવવાને હુકમ કરયો તેથી લસ્કરે મારૂને ઘેરી લીધો પછી મારૂએ મહાદેવની સ્તુતિ કરવા માંડી એટલે મહાદેવ પ્રસન એટલે રાજાના આરગીરોના બાંણ ગોળીઓ ખાલી જવા લાગી તે તમાસો જોઇ રાજા અચબો પામ્યા અને પ્રધાનને મોકલી મારૂને પુછયું કે મહારાજા તમે કોણ છો મારૂએ કહ્યું કે હું માંડવગઢમાં જમરાજાનો કુંવર છું એ વાત

સાંભળીને પ્રધાન અને રાજા ખુશી થયા અને મારૂને ઘેર લાવી કુંવરી પરણાવવાની તઈયારી કરી ત્યાં મારૂ કેમ કરે છે અને બાઈઓ ગીત ગાય છે. દુહો—સંવર સઈ મંગળ ગાયમારે, કાંઈ હરખે ગીત ગવાય રે. હા. ચોરી બાંધી ચોકમાંરે, ત્યાંતો ચાર મંગળ વરતાયરે ત્યાં૦ તોરણ [illegible]રે, ઈંદ્ર જોવા મળી સહુ જાનરે. કાંઈ હરખી ચોખા લીધા મોતીરે માત પીતાએ આપ્યા દાનરે. મા૦ પરણી ઉઠયા પ્રભુનાથરે, કાંઈ આનંદ વરત્યો અંગરે. કાંઈ સુરતદે દેવળદે બે રાણીઓરે. પરણી ચાલ્યા પ્રીતે સંગરે. પરણી૦

મારૂને સુરતદે અને દેવળદે બંને કુંવરીઓ પરણાવી રાજાએ ઘણો માલ આપીને લાવ લસ્કર સાથે વિદાય કર્યા તે રાણી ફુલાદેના નગરમાં આવ્યા ત્યાં પણ ઘણું ધન અને લસ્કર મળ્યું તે લેઈ પોતાના શહેરનો રસ્તો પકડ્યો આવતા વડ ઉપર રાણી ચંપદે હતાં, તેમને પણ સાથે લીધા અને એને ચાર રાણીઓ સહીત ગામની ભાગોળે મુકામ કર્યો. જ્યારે લસ્કરની ધામધુમ જોઈને બંને ગયા અને દહેશત લાગી કે માગ ખરચી બેઠેલા પુત્રોમાં કાંઈ દમ નથી અને દુસ્મનનું દળ તો ઘણું ભારે છે માટે આ વખત ગજરા મારૂ હોત તો તે સુંદર ભાગના ડંકા દેઈને દુસ્મનોના દળને ચકચૂર કરી નાંખત પણ હવે શો ઉપાય એની શોચના કરે છે એટલામાં વધામણી આવી કે બાર વરસ પુરા થયથી ગજરા મારૂ ઘેર આવ્યા એવું સાંભળતાંજ રાજા અને રાણી બહુ ખુશી થયાં અને ઘણી ધામધુમ સાથે સામઈયુ કરી રૂપાનાં ફુલ વધાવી વાજતે ગાજતે મારૂને હરખ કરવા નગર જાયરે. કાં. પીતાને બે કર જોડીનેરે. ઘમાવંતીને લાગ્યા પાયરે, હા૦ રાણીઓ પરણીને મળ્યા માતને, ઘમાવંતીના પુરયા કોડરે, હા૦ કરજોડીને કવી વીનવેરે, બોલો જય જય શ્રી રણછોડરે. બોલો૦

સમાપ્ત.

નૂતનપુસ્તકો.

નૂરજહાન અથવા સંગીરના સ્નેહની શહેનશાહુ

નુ—આ નોવેલ નથી પણ એક પ્રખ્યાત ઐતિહાસિક ચરિ-
ત્ર છે પ્રસિદ્ધ હિન્દીપતિ સમ્રાટ જે જહાંગીરના નામથી ઓળ-
ખાય છે. તે આ સૌંદર્યવાન સ્ત્રી ઉપર આશક થયો હતો. અને
અફગાનનું (નુરજહાંનનો પ્રથમ પતિ) ખુન કરાવી નુર જહાંન
પરણ્યો. સદરહુ ચરિત્રમાં મેહેરજહાંનને પ્રતિ પ્રેમ, જહાંગીર ઉપર
જમાવેલી સત્તા, ઝનાને જેમ્મે બતાવેલી વફાદારી જહાંગીરે શેર અ-
ફગાનનું ખુન કરવામાં યોજેલી યુક્તિઓ વિગેરે બાબત ઘણુંજ સારી
રીતે વરણવેલો છે. એક વખત અવલોકન કરવાથી ખાત્રી થશે
કિંમત ૦-૩-૦ પોસ્ટેજ ૦-૦-૬.

**ચિતોડનો ઘેરો અથવા અકબરની ઉદારતા અને રાજ-
પુતોનો રણોત્સાહ**—સદરહુ નોવેલમાં જયમલ્લ. વીરાંગનાઓ ને
પતિ) રજપુતાણીઓ વીગેરેનો સ્વદેશ માટે પ્રાણ ત્યાગ. પ્રિયંવદાને
રાજદ્રોહનું પ્રાયશ્ચિત વિમળાનો પતિ પ્રેમ તથા પાછ ઠાકરમાં પુરતુ
રીતે સહાયભૂત થવું. અકબર પાદશાહની ઉદારતા. વિગેરે બાબતો
ખુબ વરણવેલો છે કિંમત ૩-૦-૦ પોસ્ટેજ ૦-૦-૬

પૃથિરાજ ચહુઆણ (આર્ય પતિનો અન્તિમ આર્યરાજ)

આ પુસ્તકમા ઘોરી શાહબુદ્દીન સાથેનું યુદ્ધ પદ્માવતીનો પ્રસંગ, સંયુ-
ક્તા હરણ તથા પ્રેમ પ્રસંગ, આદિ ઐતિહાસિક પ્રકરણો અને પ્રસંગો
પાત કવિ-ચંદના કવિતા પણ મુકવામાં આવ્યાં છે તથા શૃંગાર,વિર
રસ, અદ્ભુત, કરૂણા—આદિરસો આ પુર્વ રીતે લખવામાં આવેલ છે. ગ્રં-
થનો મજબુત ગોઠવણ પુઠાની છતાં કિંમત ૧-૦-૦ પોસ્ટેજ ૦-૨-૦

મળવાનું ઠેકાણું—મહાદેવ રામચંદ્ર જાગુટે બુકસેલર

ત્રણ દરવાજા—અમદાવાદ.